



## મેઘરજ નગરમાં વીજપોલ નાખતા પાણીની પાઈપલાઈન તૂટતાં નગરજનો પાણી વગર ટળવળ્યાં

મેઘરજ નગરમાં યુજીવીસીએલ દ્વારા વિજપોલ નાખવાની કામગીરી હાથ ધરવામાં આવતા કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે મેઘરજ બસ સ્ટેન્ડ વિસ્તારથી નગર તરફ વિસ્તારમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાઈપલાઈન તૂટતાં મેઘરજના મુખ્યમાર્ગ પર પાણી ફરી વળતા નદી વહેતી હોય તેવો ઘાટ સર્જાયો હતો. પાઈપલાઈન તૂટતાં નગરજનોએ પાણી વગર ટળવળવું પડતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વારંવાર તૂટતી પાણીની લાઈનથી તંત્રની નિષ્ક્રિયતાના પગલે નગરજનોને ભોગ બનવું પડતું હોવાનું જણાવ્યું હતું.

# તલોદના સલાટપુર પાસે પાઈપલાઈન તૂટી જતાં હજારો લીટર પાણી વેડફાયું

તલોદ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સલાટપુર પંથકની લેબહોર



ચોકડી નજીક આજે સવારે પાણી પુરવઠો પહોંચાડતી એક પાઈપલાઈન તુટી જતાં હજારો લીટર પાણી રોડ ઉપર વેડફાઈ ગયુ હતુ. રોડ માર્ગના નવિનીકરણની કામગીરીમાં જોડાયેલા જેસીબી મશીનના આકરા ઘા થી પીવાના પાણીનો પુરવઠો સંખ્યાબંધ ગામોમાં પહોંચાડતી પાઈપલાઈનના ટુકડા થઈ ગયા હતા અને તિવ્ર વેગ સાથે પાણીના ફૂવારા ઉડ્યા હતા. જેથી પંથકનો રોડ માર્ગ ચિક્કાર ભરાઈ ગયો હતો.

વરસાદના અભાવે ઉત્તર ગુજરાતના સાબરકાંઠામાં પણ પાણીની ભારે અછત વર્તાઈ રહી છે. ઉનાળો ભારે આકરો બની રહે તેવો દહેશતનો માહોલ ઉદ્ભવ્યો છે. ત્યારે તલોદના લેબહોર ચોકડી વિસ્તારમાં બનેલા આજના આ આકસ્મિક બનાવથી પ્રજાજનોમાં ભારે વ્યથાનો માહોલ ઉદ્ભવ્યો હતો. પ્રાપ્ય માહિતી અનુસાર એસ.કે. જૂથ યોજના અન્વયે નર્મદા નદીનું પાણી પાવ માટે સંખ્યાબંધ ગામોમાં પહોંચાડતી એક પાઈપલાઈન આજે સવારે જેસીબીના ઘા થી તુટી ગઈ હતી. જેમાંથી ભારે ફોર્સથી પાણીના ફુવારા ઉડતા જોવા પંથકના લોકો ઘટના સ્થળે દોડી પહોંચ્યા હતા. જ્યાં કથિત હજારો લીટર પીવાનું પાણી વહી ગયું હતું.

આ ઘટના અંગે પાણી પુરવઠાતંત્રના અધિકારીઓને સાંજે ૫ વાગ્યા બાદ પૂછતાં તેઓ પાસે કોઈ ખાસ જાણકારી નહીં હોવાનું જાણવા મળ્યું હતું. બાદ પ્રત્યુત્તર મળ્યો હતો કે તુટેલી પાઈપનું રીપેરીંગ કામકાજ ચાલુ છે.

## તલોદના રણાસણ પાસેથી દારૂ ભરેલી લકઝરી કાર પકડાઈ

તલોદ તાલુકાના રણાસણ પંથકમાંથી પસાર થતી દારૂ-બિયરનો જથ્થો ભરેલી એક લકઝરીયસ કાર સાબરકાંઠા એલસીબીએ આજે સવારે ઝડપી લીધી છે. આ ઓપરેશનમાં એલસીબીએ ગાડી અને દારૂ-બિયરની ૧૪ પેટીઓ સહીત કુલ રૂ. ૩ લાખ ૪૮ હજાર ૫૦૦નો મુદ્દામાલ ઝડપી લીધો છે. જ્યારે દારૂ-બિયરની હેરાફેરી કરતા ૪ બુટલેગરો પૈકીના ૨ આરોપીઓને પણ ઝડપી લીધા છે.

રણાસણ ચોકડી પંથકમાં આજે વહેલી સવારે ત્રાટકીને જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કડકડતી ઠંડીમાં આ ગરમાગરમ ઓપરેશન સફળ રીતે પાર પાડ્યુ છે. રાજસ્થાનની બોર્ડર ઉપરના રતનપુરથી વિદેશી માર્કાની દારૂ-બિયરની ૪૮૦ બોટલવાળી ૧૪ પેટીઓ ભરેલો જથ્થો લઈને આ ઘટનાના આરોપીઓ અમદાવાદ તરફ માલ પહોંચાડવા જતા હતા. સ્કોવોડા ગાડી નં. જીજે.૦૧.એડી. ૭૧૩૪માં રતનપુરથી એક ઈસમે આ બે નંબરી જથ્થો ભરી આપ્યો હતો.

### અરવલ્લી જિલ્લા સહીત લીંભોઇ પંથકમાં

# નીલ ગાયોના ઝુંડ ત્રાટકી ઉભા પાકનો નાશ કરતા ખેડૂતો ત્રાહિમામ

મોડાસા, તા.૩

અરવલ્લી જીલ્લા સહીત લીંભોઈ પંથકમાં નીલગાયો (રોઝ)નો ત્રાસ ખેડૂતને સતાવી રહ્યો છે. છેલ્લાં વર્ષોમાં નીલગાયોની સંખ્યામાં થયેલો અઢળક વધારો અને સરકાર દ્વારા કોઈ પગલાં ભરવામાં ન આવતા નીલગાયો ખેડૂતનું જીવવું હરામ કરી નાખ્યું છે. વર્ષો પહેલાં ભૂંડ અને હવે નીલગાય, ખેડૂતોને ખેતરમાં ગાય કરતા વધુ નીલગાયો રખડતી જોવા મળે છે અને જેના માલિક કોઈ નથી હોતા અને તેને મારવું કાયદેસરનો ગુનો હોવાથી કોઈ ખેડૂત તેને મારવાનું કે નુકસાન પહોંચાડવાનું વિચારી શકતો પણ નથી અને ખેતરમાં તનતોડ મહેનત કરી નીલગાયના આતંકથી નુકસાન ભોગવે છે.

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં વન્યપ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે. જંગલ અને ડુંગરાળ વિસ્તારમાં વનવિભાગ તંત્ર પ્રાણીઓની જાળવણી કરવામાં નિષ્ફળ રહેતા અને પીવાની પાણીની તંગી વર્તાતા માનવ વસવાટમાં અનેકવાર જંગલી પ્રાણીઓ ઘુસી આવે છે. જીલ્લામાં તાલુકાના તમામ ગામોમાં હાલ નીલગાયની હાજરી જોવા મળી રહી છે ને જે ઝુંડમાં હોવાથી એક કે બે માણસ તેને ભગાડી પણ શકતાં નથી. અને જો તેને ભગાડવામાં આવે તો તે બીજાના ખેતરમાં નુકસાન કરે અને ભાગીને પછી પોતાની જગ્યા આવીને ઉભી



રહી જાય છે. ખેડૂતો પર હુમલો પણ કરતી હોવાથી ખેડૂતોને ભારે નુકસાની ભોગવવી પડી રહી છે. નીલગાયોના ઝુંડ લગભગ દરેક ગામમાં ખેડૂતોના ઉભા પાકને નુકસાન પહોંચાડી રહ્યા છે.

લીંભોઈ પંથકના ખેડૂતોના જણાવ્યા અનુસાર રોઝ એટલે કે નીલ ગાયોનો દિનપ્રતિદિન વધી રહેલાં ઉપદ્રવ બાબતે અને ખેડૂતો-વાહનચાલકોને થતી સમસ્યાઓ બાબતે અગાઉ જવાબદાર તંત્ર અને રાજ્ય સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

ખેડૂત અગ્રણી મેહુલ જોશીના જણાવ્યા અનુસાર નીલગાયોનું કોઈ ટોળું લોકો પર હુમલો કરે તો ખેડૂતના જીવનું જોખમ થઈ પડે એવી સ્થિતિ સામે આવતી હોય છે. ખેતરમાંથી ગામમાં શાળામાં અભ્યાસ કરવા આવતા બાળકોને પણ નીલગાયોનો ત્રાસ સતાવી રહ્યો છે અને બાળકો ડરના માર્યા શાળાએ પહોંચતા હોય છે. અરવલ્લી જીલ્લો આજે પણ ખેતી પર નિર્ભર છે. બીજી તરફ નિલગાયના ત્રાસથી ખેડૂતોના ઊભા પાકને નુકશાન થતું હોવાથી ખેડૂતોના હાલ બેહાલ થયાં છે.

નીલ ગાયના ટોળા વાહનચાલકોને આડે ઉતરતા અનેકવાર અકસ્માતની ઘટનાઓ બની છે

નિલગાયોના ટોળાં ફરતાં હોઈ ત્યારે ગમે તે સમયે અચાનક ટોળા કે એકલ દોકલ રોઝ અચાનક રોડ પરથી પસાર થતા કે પછી છલાંગ લગાવતા અવારનવાર અકસ્માતો સર્જાતા હોવાથી વાહનચાલકો ભારે ત્રાસ પોકારી ઉઠયા છે. કારણ કે નીલગાયો ઝડપી દોટ મૂકીને રોડ ઓળંગે છે જેના કારણે વાહનચાલકો વારંવાર નાના-મોટા અકસ્માતનો ભોગ બનતાં હોય છે. નીલગાયોના ઉપદ્રવ સામે જીલ્લા વનવિભાગ તરફથી કોઈ પગલાં ભરાતાં ન હોવાથી સ્થિતિ દિનપ્રતિદિન વિકટ બની રહી છે. જેથી ખેડૂતો અને ગામલોકો પ્રશ્નને કારણે ઉદાસીન બન્યા છે.

# મેઘરજના શાકભાજીના વેપારીને લૂંટના ઈરાદે ચાર મહિલાઓ જીવલેણ હુમલો કરી ફરાર

મેઘરજ, તા. ૩

અરવલ્લી જીલ્લામાં ચોર, લૂંટારુ ગેંગના આતંક સામે ખાખી વર્દીનો પનો ટૂંકો પડતા મહિલા ગેંગ પણ સક્રિય થતા પ્રજાજનોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. મેઘરજના શાકભાજીના વેપારી જાકીર જાબીરભાઈ મકરાણી હિંમતનગર કામકાજ અર્થે જઈ પરત ફરી મેઘરજ બસ સ્ટેન્ડથી ઘરે જતા સમયે ૪ મહિલાઓએ પીછો કરી અંધારાનો લાભ લઈ વેપારીને લૂંટી લેવાના ઈરાદે વેપારીને છાતી અને માથાના ભાગે છરીના ઘા મારી લૂંટી લેવાનો પ્રયત્ન થતા વેપારીએ બુમાબુમ કરતા આજુબાજુથી લોકો દોડી આવતા મહિલાઓ નાસી છૂટી હતી. ઈજાગ્રસ્ત વેપારીને સારવાર અર્થે ખસેડાયો હતો. સમગ્ર બનાવની જાણ મેઘરજ નગરમાં થતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મહિલાના વેશમાં પુરુષ લૂંટારુઓ તો નહિ હોય સહીત તરહ-તરહની ચર્ચાએ જોર પકડ્યું હતું. મેઘરજ પી.એસ.આઈ શર્માનો સંપર્ક કરતા શનિવારની રાત્રિની ઘટના હોવાનું જણાવી રવિવાર બપોર સુધી કોઈ ફરિયાદ કરવા આવ્યું ન હોવાનું જણાવ્યું હતું.

મેઘરજના ૩૦ વર્ષીય યુવા શાકભાજીના વેપારી જાકીર જાબીરભાઈ મકરાણી કામકાજ અર્થે હિંમતનગર ગયા હતા, કામકાજ પતાવી શનિવારે બસમાં પરત મેઘરજ આવ્યા હતા. બસમાંથી ઉતરી જ્યારે જાકીરભાઈ પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે મેઘરજના દારૂલ ઉલુલમ મદ્રસા પાસે ઉભી રહેલી ચાર મહિલાઓએ પીછો કરી થોડે આગળ પહોંચી અંધારોનો લાભ લઈ



મહિલાઓએ વેપારીને લૂંટી લેવાના ઈરાદા સાથે થપ્પડ ઝીંકી દેતા વેપારીએ પ્રતિકાર કરતા મહિલાઓએ જાકીરભાઈ તાબે ન થતા હાથમાં રહેલા ચપ્પા વડે જાકીરભાઈની છાતી તેમજ માથાના ભાગે ચપ્પાના ઘા મારવાની સાથે પગ પર દંડા ફટકારતા હિચકારા હુમલાથી બચવા બુમાબુમ કરતા લોકો દોડી આવતા મહિલાઓ ફરાર થઈ જતા લોકોએ ગંભીર ઈજાગ્રસ્ત વેપારીને દવાખાને ખસેડાતા માથામાં છરીનો ઊંડો ઘા પડતા તબીબે ત્રણ ટાંકા લીધા હોવાનું અને મહિલાઓ મારી સાથે રહેલા રૂપિયાની લૂંટ ચલાવવા હુમલો કર્યો હોવાનું જણાવ્યું હતું. લોકોને ઘટનાસ્થળેથી ધારદાર ચપ્પુ પણ મળી આવ્યું હતું. મેઘરજ નગરમાં લૂંટના ઈરાદે ઈતિહાસમાં સૌ પ્રથમવાર મહિલા ગેંગે હુમલો કરવાની ઘટના બનતા સમગ્ર ઘટના કારણે વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે.

# કાંકરેજ તાલુકાના ખીમણા દિયોદર રોડ પર એસટી બસને આખલા વચ્ચે અકસ્માત સર્જાયો

કાંકરેજ, તા. ૩

પ્રાપ્ત અહેવાલ અનુસાર કાંકરેજ તાલુકાના ખીમણા દિયોદર



હાઈવે રોડ ઉપર દિયોદર ડેપોમાંથી સવારે ૬.૧૫ કલાકે જઈ રહેલ એસટી બસ. ૬૪૭૮ને આડે આખલો આવી ગયો હતો અને અકસ્માત સર્જાયો હતો. ત્યારે રામશીપુરા પરા વિસ્તારમાં આવેલ હોવાથી વારંવાર અકસ્માત સર્જાય છે ત્યારે હાઈવે ઓથોરિટી દ્વારા કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી અને અબોલ પશુઓ મોતને ભેટે છે તેમજ અન્ય નાના મોટા વાહનચાલકો પણ આવા સંજોગોમાં અકસ્માતમાં ઘાયલ થયેલા છે ત્યારે એસટી બસને આડે આખલો આવી ગયો હતો અને એસટી બસને મોટું નુકસાન થયું હતું. ડ્રાયવરને અંદર માર વાગ્યો હતો અને આંગળી ઉપર કાચ વાગ્યો હતો તેની સારવાર કરાવી હતી અને શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આમ એસટી બસના ચાલક શુરેસભાઈ કટારાને સામાન્ય રીતે ઈજા પહોંચી હતી અને બસમાં કોઈ પેસેન્જરો ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાસ્થળે આખલાનું મોત થયુ હતું અને ધર્મપ્રેમીઓની લાગણી દુભાઈ હતી અને આવા સંજોગોમાં નેશનલ હાઈવે ઓથોરિટીએ સજાગતા દાખવવી જરૂરી છે.

## કેન્દ્ર સરકારે બજેટમાં ખેડૂતોને પીઠ પાછળ ખંજરનો ઘા કર્યો છે ભારતીય કિસાનસંઘ

કેન્દ્ર સરકારે ૧ ફેબ્રુઆરીના રોજ જાહેર કરેલ બજેટને સખત શબ્દોમાં વખોડી કાઢ્યું હતુ. અરવલ્લી કિસાનસંઘ દ્વારા જારી કરાયેલ અખબારી યાદી અનુસાર તાજેતરમાં અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લાની સંયુક્ત કારોબારી બેઠક યોજાઈ હતી. તેમાં સરકાર દ્વારા રજુ કરવામાં આવેલ બજેટની આકરી ટીકા કરવામાં આવી હતી. તેમજ સરકારે જાહેર કરેલ બજેટને જીલ્લા કિસાનસંઘ પ્રમુખે ખેડૂતોની પીઠમાં ખંજર માર્યા સામાન ગણાવ્યુ હતુ. સરકાર ખેડૂતો જે માગે છે આપતી નથી અને જે નથી માગતા તેની લ્હાણી કરી ખેડૂતો વચ્ચે ભેદભાવ ઉભો કરી રહી હોવાના આક્ષેપ સાથે ભારતીય કિસાનસંઘે ખેડૂતોના ખેત ઓજારો તેમજ દવા-બિયારણ-ખાતરો પર લદાતો કર નાબૂદ કરવાની માંગ કરી હતી.

# પાલનપુરમાં ચાર બુકાનીધારી શખ્સોનો યુવક પર હિચકારો હુમલો

પાલનપુર, તા. ૩

પાલનપુર ખાતે બુધવારે મોડી સાંજે પથ્થર સડક વિસ્તારમાં ચાર બુકાનીધારી શખ્સોએ અરજી પાછી ખેંચવાનું કહી એક યુવક ઉપર લોખંડની પાઈપોથી હિચકારો હૂમલો કરતા ભારે અફરા તફરી મચી જવા પામી હતી. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. દરમિયાન દોડી આવેલી પોલીસે આ અંગે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.



પાલનપુરમાં ચકચારી બનેલી ઘટનાની વિગતો એવી છે કે, બુધવારે મોડી સાંજે શની અનિલકુમાર ગોહિલ પથ્થર સડક વિસ્તારોમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે ચાર બુકાનીધારી શખ્સોએ તેને આંતરી તે અમારી વિરુદ્ધ અરજી કરી છે. તે પરત ખેંચી લે તેમજ તારા મોબાઈલમાં જે રેકોર્ડિંગ છે તે આપ તેમ કહી ૩૭૬ અંતર્ગત ગૂનો નોંધાવવાની ધમકી આપી લોખંડની પાઈપો અને ગડદા પાટુનો માર માર્યો હતો. જેની શરીરે ઈજાઓ થવા પામી હતી.

ઘટનાની જાણ થતાં આજુબાજુના લોકો દોડી આવતાં હુમલાખોરો નાસી છૂટ્યા હતા. જ્યાંથી ઈજાગ્રસ્ત શનીને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. દરમિયાન ડીવાયએસપી એ. આર. જનકાંત સ્ટાફ સાથે દોડી આવી આ અંગે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.







પ્રોત્સાહન-૨૦૧૮-૧૯ ગણપત યુનિવર્સિટી સ્થિત ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડી એન્ડ રીસર્ચ દ્વારા અગિયારમી નેશનલ ઈવેન્ટ પ્રોત્સાહનનું આયોજન કરાયું હતું. ઈવેન્ટમાં ૪૦ કોલેજના ૬૦૦ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. દરેક વિજેતા સ્પર્ધકને પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.